# ભણેલા કહીને શીખવે, અભણ કરીને શીખવે

હમણાં થોડા દિવસ પૂર્વે કોલેજ તરફથી તાલીમાર્થીઓના પાઠ જોવા જવાનું થયું. અમે પસંદ કરેલી માધ્યમિક શાળા અમદાવાદ કોર્પોરેશન સંચાલિત હતી. જેમાં અભયાસ કરવા આવતાં લગભગ બધાં જ બાળકો ગરીબ વર્ગમાંથી આવતાં હતાં. તેમની સાથે ગાળેલ એક અઠવાડિયું હ્રદયને આનંદ આપનારું બની રહ્યું. શાળામાં અભ્યાસ કરતાં બાળકો ભલે આર્થિક રીતે ગરીબ હતાં, પણ દિલના ખૂબ જ શ્રીમંત હતાં. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે અભ્યાસમાં અને પૈસે ટકે નબળાં બાળકોમાં શિસ્ત જોવા મળતી નથી, પણ આ શાળા માટે એ ધારણા સાવ ખોટી સાબિત થઇ. જેનો આજે પણ અનહદ આનંદ છે. પૂરા શિસ્તબદ્ધ હતાં એ બાળકો, નમ્રતા ભારોભાર ભરેલી હતી, ખોટા આડંબરો અને જૂઠઠાપણાથી જોજનો દૂર લાગ્યાં. પ્રેમથી ભરપૂર અને શિક્ષકને ભગવાનનો અવતાર માનતા આ બાળકોને ખરેખર સલામ મારવાની ઇચ્છા થતી.

બાળકો સાથે કામ કરતાં લાગ્યુંકે બાળકોમાં આ શિસ્ત, સદ્‌ગુણો, પ્રેમ કોણે પૂર્યા હશે. માની લઇકે શિક્ષકો એ વધારે પડતી કાળજી રાખી હશે. જો આ માન્યતા સ્વીકારીએ તો શિક્ષકો તો બધી જ શાળામાં જોય જ છે, તો બધી જ શાળામાં આવી શિસ્ત, આવો પ્રેમ, આવા સદ્‌ગુણ, આટલું મોટું દિલ કોના કારણે? મનોવિજ્ઞાન કહે છે કે બાળકના ઘડતરમાં વાતાવરણ અગત્યનો ભાગ ભજવે છે. તો આ બાળકોને કેવું વાતાવરણ મળ્યું હશે? સ્વાભાવિક છે કે ગરીબ અને મજૂર વર્ગમાંથી આવતાં આ બાળકો ચાલી કે ઝંપડામાંથી કે કાચાં-પાકાં અન્ય કોઇ જ સગવડો વગરના ઘરમાં રહે છે. વીજળીના પ્રકાશમાં નિયમિત પણે વાંચવાનું સદ્‌ભાગ્ય તેમનું નથી, કે નથી સ્વચ્છ સાફ સુથરા વાતાવરણમાં રહેવાનું અને સૂવાનું. આમ છતાં આપણને સલામ મારવાની ઇચ્છા થાય તેવાં આ બાળકો હતાં તો સાચાં અને પ્રેમાળ. તો આ સંસ્કાર આવ્યાં ક્યાંથી?

ઉપરોક્ત પ્રશ્ન બે-ત્રણ દિવસથી મૂઝવતો હતો. અને લગભગ પાંચમા દિવસે તેનો જવાબ જોવા મળ્યો. શાળાની સામે જ એક ભેંસ શિયાળાની અતિ ઠંડીને કારણે ઠૂંઠવાઇને રસ્તા પર પડી હતી. સખત ઠંઢીને કારણે તેનું શરીર થીજી ગયું હતું. તેને હલનચલન ગૂમાવી દીધેલ. એ જ પરિસ્થિતિમાં લાંબો સમય રહે તો ચોક્કસ પણે તે ભેંસ મૃત્ય પામે. આવી હાલતમાં પડેલી ભેંસને જોઇને સ્કૂટર, બાઇક કે કાર ચાલક જોઇને આગળ વધી જતા હતાં. પણ ભેંસનું સદ્‌ભાગ્ય કે તેની આસપાસ ઊભેલા માણસો અભણ , ગરીબ અને મજૂર વર્ગના હતાં. આ અભણ અને ગરીબ વર્ગના માણસોએ ભેંસના શીર પર કંતાનના કોથળાં ઓઢાડેલા, તેની આસપાસ ચારેબાજુ તાપણી કરી હતી, તાપણી લાંબો સમય ચાલૂ રહે અને ઠંડા પવનમાં ઓલવાઇ ના જાય તે માટે ઊભેલા માણસો બેસી ગયાં અને પોતાની પાસે રહેલાં કપડાને પ્રસરાવી પવનને રોકવાનો પ્રયત્ન કરતાં હતાં. તો વળી કોઇ બે-ત્રણ માણસો તાપણી સતત સળગતી રહે તે માટે આસપાસથી લાકડા કે અન્ય કચરો એકઠો કરીને તાપણીમાં સતત નાંખતા હતા. તેમના પ્રયત્નો જોઇને લાગે કે તે ભેંસ તેમની પોતાની માલીકીની જ લાગે, પણ થોડા સમય પછી ખબર પડી કે તે ભેંસ તેને જીવાડવાનો પ્રયત્ન કરતા હતા તેમાંથી

કોઈની પણ નહોતી! એકાદ કલાક પછી ભેંસને ઊભી કરવાનો પ્રયત્ન કરવા લાગ્યાં. ભેંસ ઊભી પણ થઈ અને થોડી જ મિનિટો પછી ધીમે ધીમે ચાલવા લાગી. આ ઘટના અમે જે શાળામાં પાઠ આપવા ગયાં હતાં તેની બરાબર સામે જ બની હતી. લગભગ બધાં જ બાળકોએ આ ઘટનાને જોઇ હશે. ત્યારે જ મનમાં વિચાર આવ્યો કે " ભણેલા કહીને શીખવે અને અભણ કરીને શીખવે ".

ભણેલા માણસો અન્યને સારી સારી સલાહ આપે છે. ખુદ શિક્ષકો પણ વર્ગમાં મૂલ્યોનું શિક્ષણ કહીને જ આપે છે. કે સાચું બોલવું જોઇએ, જીવહિંસા ન કરવી, પ્રાણી માત્રનું રક્ષણ કરવું, અન્યને મદદ કરવી, સદ્દાચાર કરવો વગેરે. આમછતાં આજે પણ સમાજમાં મૂલ્યોનો હ્રાસ થતો જોવા મળે છે. એનો અર્થ એ થયો કે શાળામાં કહીને આપવામાં આવતાં મૂલ્યલક્ષી શિક્ષણની ધારી અસર થતી નથી. તેની સામે પેલો ગરીબવર્ગ, મજૂરવર્ગ , અસ્વચ્છતામાં રહેતો અને સૂતો વર્ગ દિલનો ખુબ જ ઉદાર અને પ્રેમાળ જોવા મળ્યો. કે જે ભલે શાળામાં ગયો નથી. આમછતાં તેનાંમાં કેટલાંક સદ્દ્ગુણો ભારોભાર ભરેલા હોય છે.આ સદ્દ્ગુણો અને પ્રાણી માત્રનું રક્ષણ કરવાની ભાવના જ તેમના બાળકો માટે પ્રેરણા સ્રોત બની રહે છે. જે જોઇને જ તેમનાં બાળકો સારાં વર્તનો કરતાં શીખે છે. તેઓ ક્યારેય પોતાના બાળકોને કહેતાં નથી કે આમ કરો કે તેમ કરો. પણ તેઓ એવાં વર્તન કરે છે કે જે તેમનાં બાળકો અને સમાજ માટે પણ પ્રેરણાદાયી બની રહે છે. આ ઘટનાએ જ મારી આંખો ખોલી નાંખી અને શાળામાં આવે ત્રણ દિવસથી મૂઝવતો પેલો પ્રશ્ન કે આ કોર્પોરેશનની શાળામાં આવતાં ગરીબ બાળકોમાં કેટલાંક સદ્દ્ગુણો આવ્યાં ક્યાંથી? તે પ્રશ્નનો જવાબ મળી ગયો કે તેમના માબાપ કેટલાંક ગુણો બાબતમાં તો એવાં ધનવાન છે કે જેમની સામે આપણે અત્યંત ગરીબ છીએ. આવાં માબાપોને સો સો સલામ. કે જેમણે પોતાના બાળકોને ભલે ભણાવી શકતાં નથી, પણ ગણાવી તો શકે જ છે. અને અમે સૌ ભણેલા બાળકોને ઘણીઘણી વાર કહી કહીને થાકીએ છીએ, છતાં પણ બાળકોમાં ધાર્યું પરિવર્તન લાવી શકતાં નથી. જેનું કારણ પણ મળી ગયું કે, અમે સૌ ભણેલાં કહેવામાં માનીએ છીએ. પરિણામ સ્વરૂપ જેની ધારી અસર થતી નથી. બીજી બાજું અભણ-ગરીબ વર્ગના વ્યક્તિને કહેતાં નથી આવડતું. તે તો કરીને જ બતાવે છે. માટે જ તેમના વર્તનની સીધી અસર તેમના બાળકોમાં ઝડપથી જોવા મળે છે.